મંધરાતનો પરોણો.

ગુલફ્રામ.

બનામે ખુદા.

મધરાતનો—
—પરોણો.

એક ટુંકો ફારસ.

લખનાર:—ગુલફામ.

મુંબઇ.

૧૯૧૬

ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ,
નં૦ ૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ, } મધ્યે
જેહાંગીર ન. પટેલે પ્રગટ કર્યું છે.
અને માણેકજી જીવનજી તવરીયાએ છાપ્યું છે.

એક બે બોલ.

હું લાંબા વખતેથી માનતો આવ્યો છું કે નાના ફારસીકલ 'પીસીઝ' અને 'સ્કીટ' સ્તેજ ઉપર રજુ કરવાનો જમાનો આવી પુગ્યો છે. એવા 'પીસ' વધારે મોજ આપે છે અને તેની વધુ માંગણી થવા લાગી છે. એમ ધારીનેજ મેં 'મધરાતનો પરોણો' પહેલો લખ્યો હતો અને તે પછી 'ચાનજી ચક્કર' 'મારો માટી' 'બુદા બુખખ' 'ઘસેલો ધાંખરો' 'ટોપ્સી ટર્વી' વગેરે નાના ટુકા ફારસ મેં લખ્યા હતા. ખુદાની મહેરબાનીથી તે સઘળા ફતેહમંદ ઉતર્યાં છે અને મારી અટકલ ખરી પડી છે કે આવા 'પીસ' ની જરૂર છે તથા તેની માંગણી થાય છે. આવા 'પીસ' કોઇ બી એમેચ્યુરો, કોઇબી ઠેકાણે, સ્તેજ પર કે મેળાવડામાં, એકજ સીનમાં કરી શકે છે અને તેની ઝાઝી મહેનત પડતી નથી.

"મધરાતનો પરોણો"

મરહુમ ભાઇ મનચેરશાહ મીસ્ત્રીની આગેવાની હેઠળ પહેલો થયો હતો અને આજ લગન તે પસંદગી પામતો રહયો છે તે માટે હું ખુદાનો હજારો હજાર આભાર માનુ છું. હમણા ભાઇ નવલ માદનની એમેચ્યુઅર ટોલી આ ફારસને શોભા આપે છે જે માટે તે ટોલીને શાબાસી અને મુબારકબાદી આપવા સાથે તેમનો ઉપકાર માનવાની મારી ફરજ આ ટાંકણે હું અદા કરૂં છું.

લી૦

ગુલફામ.

ખુદા

[હક્કત અમસાસપંદ.]

મધરાતનો પરોણો.

ડ્રોઇંગ રૂમ.

[વચમાં ટીપાઇ. તે પર બલતું લંપ. ખુણામાં મોહું જોવાની આરશી. ટીપાઇની પાસે બે ખુરશીપર જર અને કાવસ બેઠેલાં છે. સ્ટેજની આગલથી લો-ચેરપર દીનશાહ બેસી પેપર વાંચે છે. જર ગાય છે.]

ગાયન.

જર—શીફ્ત હરદમ ગાવું ભારી
ઓ પરવર હું તારી રે,
આસમાન ફાની જમીન તુફાની
ચાર દીનની જોર જવાની રે
બક્ષી મુજને રૂડી કરણી
દુ:ખોને દે નીવારી રે:—શીફ્ત
બદકારો કંઇ મજાહ કરેને
નેકો સહે હાડમારી,
પણ આખર તે રબ-દરગાહમાં,
નેકોનીજ સરદારી રે—શીફ્ત.

કાવસ—શાબાશ! વેલડન! આવા મજાહના ગીત તું ગાયછ તેથી તારૂં ઘેર કેવું વાજી-ગાજી રહેછ! તારો બાપ માટી દીનશાહ તો તારાં ગીતથી દરરોજ ખુશ ખુશ થઇ જતો હોશે.

જર—અરે મારો વર દીનશાહ તો હાથી પારખુ છે. ગીત ગાયણુની વાત એવણુ શું સમજીને તુટી પરતા'તા? એવણુ આગલ કુમરી ટીલ્લાના ગાયા તેબી સરખા ને નોરતાના ગરબા ગાયા તેબી સરખા.

દીનશાહ—તે મને શું ગાયણુની સમજ ને શોખ છેજ નહી કે? અરે "ગોપીચંદ રાજા નાહનેકુ બેઠા" એ ગીત એવું લલકારી કાહરૂં કે તુંબી જાર-જાર રડવા બેશે.

જર—ઓવાર્યુંરે મારીપરથી રડવા-કુતવાનું. જો વખત કુવખત વાંણી કહારેછ તે.

કાવસ—કેમરે એઇ દીના? મારી બહેનને વરે ખરાબ વાણી કેમ કહારેછ. બચ્ચા ઓળખેછ કે મને? મારી બહેનને તારી સાથે પરણાવીછ, તે કંઇ હારમાર થવા નથી પરણાવી પણ મોજ-મજાહ કરવા, ઘાડી-ઘોડે ફરવા ને નોકર ચાકરપર સાહેબી કરવા ને તારી ઉપર રાજ ચલાવા પરણાવીછ. જરાબી તેં એને ઓછું પરવા દીધુંછ કેની તો હારકાંની ખરાબી થશે બચ્ચા. યાદ રાખજે.

જર—ઓ મરૂરે-મારો ભઇ, મારી તરફથી લડનારો કેવો બહાધર છે?

દીનશાહ—(મનમાં) ભઇની લપંગઇ જોવ, ને બહેનની હીમાયતી જોવ.

કાવસ—બહેન જર તું બીહની નાં. એ જરાબી આરો-તીરો ચાલે કે મને કહી દેજે. એની મુદી પકરીને ચુલામાં ભુંજી નાખશ.

દીનશાહ—(મનમાં) લેવ જાણે આપરે તો સીક-સોતાના ભુંજવા કાહરેલા કવાબ.

જર—ભઇ કાવસ. તું આજે મારે ઘેર જમવા આયો ને પેટ ભરીને જમ્યો તે મારો જીવ ઘણોજ ખુશી થયો. એમજ ઘરી-ઘરી આવ્યા કરજે હં! ઘેર તારૂંજ છે, ઓશકાતો ના હં!

દીનશાહ—(મનમાં) હા આવ્યા કરજે બાપુ, કોણુના બાપની દિવાળી! ભઇને જોભરાવશે ધીચારશે, ને આપુંને તો રોટલીનાં કાંઠા ને સુકકા બુમલાનો પાટીઓ. ભઇને મોંઘો–દાત ફાંકડો વિસ્કી ને આપુને તો બેવરાનાઓ વાખા.

કાવસ—આજે તો હું વેપારે નીકલ્યોતો. કામ ઉતું તે કરી નાખ્યું ને પછી વિચાર્યું કે ચાલ બહેનને ઘેર જાઉં ને વિસ્કી પીને બહેનની સલામતી લેઉં. કરીને હયાં આયો.

જર—ઓ જીર બધા તુંને. આયો તો ભલે આયો. બીજી વિસ્કી લાઉં? જરા પીશે?

કાવસ—નહી હવે તો બસ, ગમે તો બાટલી ઘેર મોકલજે, હું પીવશ.

જર—હા–હા–હા–આખી ભરેલી બાટલી મોકલશ.

દીનશાહ—(મનમાં) મોકલજે મોકલજે; એમાં તારા બાપનું શું જવાનું છે. બાટલી તો મારી ભઇને વરે સોગાત.

જર—પણ ભઇ–તું હમણા વેપાર શું કરી આવ્યો?

કાવસ—એક મોતીના વેપારીને મોતી જોઇતાંતાં. મેં તે અપાવ્યાં ને ખરાં ખોટાં ઠસાવી દઇને ઉલગબરડી દેખાડી દીધી ને દલાલીના બસો રૂપીઆ કમાઇ આયો.

દીનશાહ—(મનમાં) આય મોતીના વેપારીનું મોનું તો જોવ? કહેતા તો દીવાના પણ સુનતાઓ દીવાના. ભઇ જેવો બદમાસ છે તેવીજ બહેન બુઅખ છે. પેલો ટોપચી છે ને પેલી ઓલ્યન ગપાત છે, પેલો આગુ પાછું જોયા વગર ગોળા ગગરાવે છે ને પેલી મુર્ખ જેવી ખરૂં માનેછ.

કાવસ—બહેન હવે તો હુ જાઉં છું મને મોરૂં થાયછ.

દીનશાહ—(મનમાં) તો-તો મોતીનો વેપાર બીચારો કરી રહ્યો હવે હાથીદાંતનો વેપાર કરવા મોડું થતું હશે.

જર—ઉભો રહે હું તારો ડગલો ફેંટો લઇ આઉં (જાય છે.)

દીનશાહ—ડગલાના ગજવાં ચાંપી જોવાં પડશે, રખેને ચમચા કાંટાં ચપરાવે.

કાવસ—અરે પણ દીના તું ત્યારની વાત થઇ તુસમાં ડોકું ખોસીને શું વાંચ્યા કરેછ?

દીનશાહ—(વાંચીને) મકઇડોરાના ખેતરમાં ભુલી પડેલી ખારવન! ખારવન બીચારી એમજ સમજી કે મકઇદોરા બધા છે તે મોતીના ઝુમખાજ છે ખારવન રાત દહાડો મકઇદોરા જોય તોબી બીચારી છેતરઇ.

કાવસ—હં? ત્યારે તું એમ કહેવા માગેછ કે મોતીના વેપારની મેં બધી વાત કીધી તે બધી ટોપ મારી કે! તારે મનસે એ બધી વાત ખોટી કે?

દીનશાહ—જોની આ-ખોટી કહેવાની મારી છાતી ચાલતીજ નથી. એક તો તારો સ્વભાવ તીખો તમતમતો પર્યો, તે ભત કરતી મુકી દે તો? પણ વેપારી બચ્ચો ખોટાં મોતી ખરાં તરીકે ગણે એ કેમ બને?

કાવસ—તે નહી બને કે?

દીનશાહ—બનતું હોશે, પણ વાત માન્યામાં નથી આવતી.

• **કાવસ**—અરે વેપારીને તો શું પણ ભલા ધનેતરને જોતાં-જોતામાં વેચી નાખું. ઓલખે છે કે આય ચીલઝડપ્યા કાવસને?

દીનશાહ—(મનમાં) ઓળખું છ બાવા બરાબર ઓળખું છ મારા • લગનને દહારે મને આવરૂં મોટું પડીકું પહેરાવ્યું ને જ્યારે ઉખેરીને જોયું ત્યારે રૂપ્યાને બદલે બધા ધણુ.

કાવસ—કેમ શું વિચાર કરેછ? તુંને બી લાગ આવે તો એવો બનાઉં કે પાઘડી લઇને બારે માથે ઘેર મોકલું.

દીનશાહ—તો-તો-બધી હુશીઆરી પરવરદેગારે ચુંટી-ચુંટીને તારામાંજ ભરી દીધી છે. તારે હાથે હું બેચાર વખત છેતરાયોછ, પણ હવે એવો સમજી રહ્યોછ કે મને છેતરવામાં તું કદીબી ફાવશે નહિ.

કાવસ—એમ! ત્યારે હુ તુંને કઇનું કંઇ દેખારૂં ચાનનો સુરજ દેખારૂં તો શું હારે? તું જે નજરે જોય તે ખરૂં માનીને ચકરઇ જાય. ને ફજેત પાગલી બને તો શું આપે?

દીનશાહ—હું સરત મારવા તૈયાર છું. જો આજથી ચાર દહાડામાં તું મને છેતરે તો હું તુને પચાસ રૂપ્યા આપું ને તું નહિં છેતરી શકે અથવા છેતરવા જતાં પકડાઇ આવે તો તું મને પચાસ રૂપ્યા આપશે?

કાવસ—કબુલ-હોક બેરાદર. ચાર દહારામાં તુંને એવું દેખારૂં કે તુબી ભંભેરાઇ જાય ને મારા ગજવામાં પચાસ રૂપ્યા આવે.

દીનશાહ—જોઇશું-જોઇશું. મારીબી આય મુંછ છે, કંઇ સીફીદાર ઝારૂ નથી.

કાવસ—(મનમાં) ચાર દહારા તો શું પણ ચાર કલાકમાં હું તારો દબ્બો ઉડારી દેઉંછ. (જર ડગલો-ફેટો લઇ આવેછ)

જર—લે ભઇ આય તારો ડગલો ને ફેંટો; હમણાં તું ઘેરેજ સધાવેછ કે?

કાવસ—નહિ હમણાં તો હું નાટકમાં જાઉંછ. મારા દોસ્તદારોબી આવવાના છે. ચાલો સાહેબજી બહેન જર હું જાઉંછ હું! બેરાદર દીના સાહેબજી.

જર-દીના—સાહેબજી [કાવસ જાય છે.]

જર—મનેબી ઉંઘ આવેછ તમુને શું? આખો દહારો પારાની કાની બેસી રહ્યા હોશો. અમે બૈરાંઓ આખો દહારો કામ કરીને થકડાઇ પતકાઇ જઇએછ તેનો તમુને વિચારબી છે?

દીનશાહ—તે તો હું બરાબર જાણું છ. આએ વાતનું ચોપરૂં લઇને કોચપર અરેત્યાં માર્યાં હોશે. આએ પેપરવાલા તમારા બૈરાં-ઓના વાવતા ઉડારેછ તે તું વાંચેછ કે?

જર—મુવા પેપરવાલાઓનેબી કંઇ ભરત્યું કરવું જોઇએ કેની? તેં કંઇ નહિ તો અમારો ધરો પખોરી લેછ. અરે અમે છૈયે તો ઘરનું કામકાજ ચાલેછ ને નહિ તો માતીદાઓ ભુખે મરતે.

દીનશાહ—અરે તુંજ ધેરના કામ-કાજ પર ધ્યાન આપતી હોતે તો રડતે કોણુને નામે. લેની આજે ભાંજીનું ગોરત તો ચર્યું તુંબી નહિ.

જર—તે તમે અદુખરા જેવા ચહાડીનું ગોસ લાવો તે શું ચરે? મુવો ખાતકીબી જોતો હોશે કે આવો અદુખરો માતીદો છે તે પાંચ પંદર દહારાનું વાસી-કુસી ભેંસનું ગોસ આપતો હૌશે.

દીનશાહ—ત્યારે તુંજ કાંય નહિ સારી પહેરીને બજારમાં જતી? ગોસ તો જાણે ભેંસનું કે કુતરાંનું ઉતું પણ આજે ભીડા ઠેઠવઇ ચીયાતા તેનું કેમ? તેબી કહેની કે ભેંસના સીગરાં ને પુછરાં કાપી લાયો તો!

જર—તે મહીરાં મુઇ ભીડાવાલી સાથે નાચવા નદરવા ઉભા રહ્યા હોશો તે નાત્રે ગઇએ ધુર ધમાસો બાંધી આપેલો. પણ હવે ઘરડા થવા આયાછ ને ગધેરા જેવા લાગોછ, ને ઉલતાં બૈરાંઓ તમુને બનાવેચ.

દીનશાહ—ચાલ હવે ઘણી હુશીઆરી ના દેખાર. મારી બલાબી કોઇ પારકી બૈરી સાથે હસે બોલે નહિ ને આરી નજરે જોયબી નહિ.

૬૫૩૩

જર—તે તો કોઇ દહારે માજનું જોઇને નમુને હરધુત બેહોરમત કરવાજ માગુંછ.

દીનશાહ—માટીને હરધુત બેહોરમત કરશે તેમાંજ તારા બાપ-દાદાની આબરૂ વધશે.

જર—રામો તો પોતાના મામાને મલવા વાંદરે ગીયોછ ને આયાબી આજે કુરમાં ગયેલી છે તે બેઉ મુવાં સવારે આવશે. ઘેરમાં જામલો છે તે ઓઢી પોઢીને સુઇ રહ્યો હોશે. તમે જરા રાંધનીમાં જઇને બારી બારણાં બરાબર બંધ કરી આવો; હું ડાઇનીંગ રૂમની બારીઓ બંધ કરૂંછ. કોઇ મુવો ચોર ભરઇ બેસશે તો ઘેર ખાલી કરી જશે ને બાપલા વગરના કરી દેશે. [જર જાય છે]

દીનશાહ—આય મારી બૈરીને એજ વખારો છે કે ઘેરમાં કોઇ ચોર ભરઇ બેસશે. બૈરી તો સારૂં માણુસ છે જો પણ જરા કલાંત વધારે છે. મારૂં કાજ થયલું ત્યારે કાજ કરનારા માકાદારૂએ કહેલું કે "છોકરી તો એવી મઝાની છે કે નીચેથી ઉચુ નહિ જોય." બિચારી નીચેથી ઉંચું નથી જોતી ફક્ત મારી કબાટ ને પાકીટમાંજ જોયછ. [જાય છે-જામલો આવે છે]

જામલો—એમાં આપરા બાપનું ગીયું શું? શેઠ કહે તેને ટેકો આપવો અને બાઈ કહે તેનેબી ટેકો આપવો. શેઠ કહેશે કે સુરજ તો આપરે કહીશું કે સુરજ ને બાઇ કહેશે કે ચાંદ તો આપરે કહીશું કે હા બાપુ ચાંદ. શેઠ કહેશે કે બાઇ કલાંત છે તો આપરે કહીએ કે હા, બાઇ ઘણી કલાંત છે, ને બાઇ કહેશે કે શેઠ બુઅખ હજામરો છે, તો આપરે કહીશું કે તદ્દન બુઅખ હજામરો છે-એમાં આપરા બાપનું ગીયું શું. બાઇની બધી વાતને ટેકો આપ્યે તો પેટ ભરીને જમ્યે અને શેઠની બધી વાતને હા-જી-હા કર્યે તો પેટ ભરીને

પીજીએ, એમાં આપરા બાપનું ગીયું શું પરીક્ષા પસાર કરીને કેટલાક પારસી છોકરાઓ આગીસમાં ખુરશી ટેબલે બેશી કલાર્ક બનેછ ને દસ રૂપ્યા પગાર લાવેછ પણ તે લોક મારી કાની પારસી કુટુંબમાં નોકરી કરે તો પંદર રૂપ્યા પગાર મલે, વાર તહેવારે આસોદાદ મલે. બજાર હાતમાંથી ચાઉં કરવાનું જરે. શેઠના કપડાં લુગડાં ખાવા પીવાનું ફરવા હરવાનું સૌ મલે ને માંદા પડયે કે માંદા પડવાના ઢોંગ કર્યે તો દવા દારૂબી મફત. શેઠનું વર્ષ હોય ત્યારે રૂપ્યો, બાઇના વરસના બે રૂપ્યા, ને આપરૂં વરસ હોય ત્યારેબી પાન પાવલો ખરોજ. [જર આવે છે]

જર—લે જામલા આએ દારૂની બાટલી ઉચી કરી દેતો તારો શેઠ જોશે તો વરી ધીચ્યા કરશે. હાવી ઉચી મુકી દેજે.

જામલો—વારૂં બાઇજી

જર—તારા શેઠને જરાબી અક્કલ ચતુરાઈ નથી.

જામલો—તદનજ નથી, છેકજ બોઠડ છે.

જર—તેથી તુંજ જરા બારી બારણા તપાસીને પછી સુવા જજે. એવણ કઇ સુવેલો રાખીને બધું અંન–અસ કરવાના નથી.

જામલો—અરે એવણનો સુધલોજ કહાં બરેલો છે. એ તો તમે સજાતના ફરજન ને અકલવાલાં મલ્યાંછ તેમાં ઘેર ચાલેછ [મનમાં] ચર જા બેટા ટારકે ઝાર પર. એમાં આપરા બાપનું ગીયું શું :

જર—એ તો કપાલે કાન ચોટયા તે કંઇ કાપી નખાય? જેવો તેવો ભલો ભુંડો લઇ ચલાવાનો. બધું સાચવીને તું પહોરી જજે ને શેઠનેબી કહેજે કે જઇને ઘાંતલો લે. [જર જાય છે.]

જામલો—એમાં આપરા બાપનું ગીયું શું. નાર તપાસીને કામ લેવાનું. એ તો પેલી કહેવત છે કે ચાકર રહેતો નાચાકર ને ના

નાચે તો નાચાકર. [બાટલીનો બુચ ઉઘાડી સુંઘીને] વાહ્વાહ વિસ્કી છે. શેઠ તો બાટલી ખાલી કરતો ડોસો થયો, લાવની હું જ જરા ચાખી જોઉં. પછી અરો–ધરો ને નાસ્લી વહુ પર આવીને પરો. આપરેખી ગરે પરશું ને બાઇબી ગરે પરશે, પછી શેઠનો સાક્ષી કોણ? બેહુ પછી લરશે વહરશે તેમાં આપરા બાપનું ગીયું શું? હમણાં નલના પાણીમાં જંતું ઘણા આવેછ ને સોડાવાટરવાલા ભેલસેલ ઘણી કરેછ. ત્યારે ઠર્યું એમ કે વિસ્કી બ્રેન્ડી કાચોજ પીવો. કાચો ને પાકો સઉ પેટમાંજ નાખવાનો કેની તો લાવની ગોટ ગટાવી લઇએ.

[જામલો દારૂ પીએ છે એવામાં
દીનશાહ આવી તેનો કાન પકડે છે]

દીનશાહ—એ શું કરેછ બચ્ચા જામલા?

જામલો—એ તો આએ બાટલીમાંનો દારૂ ગલાસમાં નાખીને ચાખી જોતો છું કે વિસ્કી છે કે બ્રાંડી. મને સમજ પડતી નથી. તમે તો હુશીઆર છો તો કહોની કે વીસ્કી છે કે બ્રેંડી.

દીનશાહ—[ચાખીને] વીસ્કી છે મઝદનો વીસ્કી છે. બેસ જામલા આપરે બેહુ આજના મુબારક દિવસની સલામતી લઇએ.

[જામલો જમીન પર ને દીન-
શાહ ખુરશી પર બેસે છે]

સલામતી તો લઇએ પણ ગલાસ તો એકજ છે. તે બેઉ જણા કેમ પીશું?

જામલો—શેઠ તમે ગલાસમાંથી પીઓ ને હું બાટલીથી પીવસ, અમુને ગામડયા ભઇને બધું ચાલે.

દીનશાહ—શું મારા દુઃખની વાત કેહું બચ્ચા જામલા? મારી બૈરી ઘણી બેવકુફ છે.

જામલો—ધણી બેવકુફ છે. સાહેબ તદનજ બેવકુફ છે. એ તો તમે સમજુ ને શ્યાના માતીડા છેઓ તેમાં સંસાર નીભી જાયછ. નહી તો કોણ જાણે કેમ બહાર ફજેતા થતે. [મનમાં] એને દાહાયો દોહરો કરવામાં આપરા બાપનું શું ગીયું?

દીનશાહ—એવી કલાંત બૈરી મલીછ. એવી કલાંત બૈરી મલીછ કે દાંતમાં ખાસડું લીધુંછ. દીલમાં ને ગમતો એવો લાગેછ કે એક ટીપુંબી પીવા નથી ગમતું [પીએ છે.]

જામલો—[મનમાં] એને પાવા નથી ગમતુ તે જોયું કે? ગલાસજ ખાલી કીધું. પી મારા બાપ દારૂ તારોજ છે. એમાં આપરા બાપનું ગીયું શું? [મોટે] શેઠ તમે દલગીર ના થાઓ લેઓ ગમ ભુલાવા જરા છાંટો લેઓ. [ગલાસમાં નામી આપે છે.]

દીનશાહ—લે તું જરા કંઇ ગા કે જીવ વેરાય ને અફસોસબી નહિ થાય.

જામલો—જાતી રહું જાતી રહું થાય છે રે
દોસી તારો દીકરો દુવારકાં જાય છે—ટેક
બાજરાનો રોટલો મને નથી ભાવતો
સીરાપુરીપર મન થાય છે રે—તારો.
એક આંખમાં ચકકર મકકર બીજી આંખ કાંની
દીનહા હેથને કેવું કે તારો વીહકી નરો પાણી
તારો વીહકી નરો પાણી તારો વીહકી નરો પાણી-જાતી
લાકરાંનો ચુલો મને નથી ભાવતો
બાંગડી પહેરવાનું મન થાય છે—દોસી તારો
લટક મટકની લારકી પોરી ભાહેદી આવી
ખાટી ખાટી આમલીને મીઠાં બોર લાવી—જાતી.

જામલો—શેઠ તમે મોટું ચોપડું બગલમાં મારીને ફરતા ફરોછ તે શું છે?

દીનશાહ—એ આપરાં અસલ વતન, બેમુલ રતન, આપરાં અસલ ઇરાંનનું એ શાહનામું છે. એ શાહનામું જ્યારે હું વાંચુંછ ત્યારે મારૂ દીલ બધું તપી જાય છે ને અકલ બધી ખપી જાયછ. લોહી બધું ઉકરી આવેછ ને ભેજું બધું ખત્રરી આવેછ. કાંય નહિ આપરે ઇરાંન જઇએ? કાંય નહિ આપરે તખતપર બેસી તાજ પહેર્યે? કાંય નહિ! ઓ કાંય નહિ ફોલાદી ગુરજ ઉઠાવીને અફગાસ્યાબને માર્યે.

જામલો—શેઠ એમ ઉશકેરાઇ શું જાઓછ જો. માથે લોહી ચહરી જશે તો તપ દેતા પરીને પત કરતા જોવા સરખું કરી મુકશો.

દીનશાહ—એ શાહનામું તું વાંચે તો તારૂંબી લોહી ઉકરી આવે.

જામલો—ત્યારે જરા મને વાંચી સંભળાવોની.

દીનશાહ—બેસ હું વાંચું (જામલો પલાંથી વાળી બેસે છે) એમ નહિ એમ ઇરાંની ઢપે ગુઠણુ મરદીએ બેસ. લે આય અવલ, અસલ મોતેબર કેતાબે દલ્લું પકડ. હવે સાંભળ:—

રૂસ્તમે ઉંચકયો ગુરૂજ બુલંદ,
ધુજયું તેની આગલ સહેરે શમરકંદ.
પાડી તેણે ચીસને માર્યો પોકાર,
દુશ્મન ઓ બુરા ગાફેલ બદકાર.
આજે તારૂં કરૂં હું એકદમ ખુન,
નામ તારૂં નાબુદ કરૂં જબુન.
ધુજ્યો તે સાંભળી શાહ અફરાસ્યબ,
બેહોશ તે થયો ને લાચાર બેતાબ.
જનુન પર ચહડયો રૂસ્તમ તદન,
પકડી તેણે ચુંગાળમાં શાહની ગરદન.

[જર પછવાડેથી આવી દીનશાહને બે હાથે બરડાપર છાપટ મારેછ અને દીનશાહ ઉઠલાઈ પડે છે.]

જર—તારાં વરસપર આગ લાગે ને તારી અક્કલ બરે-એ શું ફેરતા ફજેતા માંડયાછ? મોઢાંના દાંત પરી ગીયા, માથાના બાલ ખરી ગીયા ને કહી સગી વહાલીનું કીરતન લઇ બેઠોછ? મુવા ચોટા કેહેના.

દીનશાહ—પણ જોની હું તુને એમ કહેતો હતો કે આય છે તે કરીને તે—

જર—એમ તોનરો ઓબરો સાવરે થઈ ગીયો? ચાલ જા જઇને ઘોંટલો લે ને જામલા તુંબી જઇને પહેરી જા.

દીનશાહ—પણ મારી વાત તો તું સાંભળ ડીયર.

જર—કંઇ સાંભળવું નથી. [મારતી મારતી લઇ જાય છે.]

જામલો—જોવાની મજાહ પડી એમાં આપરા બાપનું ગીયું શું? [જાય છે. ધન ધીમે પગલે આવે છે. રૂમાલ-છત્રી, શાલ એક ખુરશીપર મુકે છે.]

ધન—મોરી રાતે એમ પારકાંના ઘેરમાં આવતાં બીક તો ઘણી લાગેછ જો; નખોદ ગીયો માતીદો ચોર સમજીને લાકરીનો ફટકો માથાંપર મારે તો કોટલું સેકાજ નાખે જો. બધું યાદ છે આય ઘેરના ધણીનું નામ દીનશાહ તેની બૈરીનું નામ જર, ને તે આપરા કાવસની બહેન. બરાબર! એ કાવસને લીધેજ આએ રૂપ લેવું પડયુંછ. પણ મારો ચહેરો કેવો લાગતો હોશે? આએ આરશી છે મોહતું ને ઠાઠ-માથ તો જરા જોઉં. [આરસીમાં જોય છે.]

ખરેખર મારો ચહેરો એવો છે કે:—

જોય મને તો આખું ગામ મોહી પડે;
સખ્ત મારૂં નામ હોય તો ગુલફામ મોડી પડે.
ચકરાઇ તમે એ મારી ચાલની ખુબી;
બહારી મને સમજોછ એ મારા બાલની ખુબી.
દોસ્તને કાજ તાલ આય લગાવવી પડીચ,
ચેરૂ બની મુછથી છુપાવવી પડીચ.

[ધન પાછળ દડવા જતાં એક ખુરશી ઉહલાઇ
પડી અવાજ થાય છે.]

જર—(અંદરથી) અરે–દોસ્તો–દીનશાહજી દોસ્તો તો કોઇ મુવો ચોર ઘેરમાં ભરાયોછ. હવે કેમ કરૂં ?

દીનશાહ—(અંદરથી) હા–હા–કંઇ ધપકારો થયો ખરો.

[ધન છુપાઇ જાય છે દીનશાહ જર ને
જામલો આવે છે.]

જર—અહીંજ કેડે અવાજ થયો. મરેરે મને તો ધ્રુજરાં છુટેછ.

જામલો - ને મારો તો બધો દારૂબી ઉડી ગાયો.

જર—મારી નવી સપાટ કાલેજ પહેરવા કહારીછ. હું બહને કબટમાં મુકી દેઊંછ. ચોર હેય તો તેને પકડીને સીપાઇના હાથમાં આપજો. હું તો ઓરડાનું બારણુ બંધ કરીને મેલાં કપડાંના કંડયામાં ભરઇ બેસુછ. ને જામલા તુંબી ગોડાઉનમાં ભરાઇ બેસ. (જર જાય છે.)

જામલો—હું પહેલાં દારૂની બાટલી સંભાળુની. તે ચોર પીશે તો આપરૂં ગળું સુકાયા કરશે. (જાય છે)

દીનશાહ—હું તો રાંધનીમાં જઇને બધું તપાસુંછ. પ્યાલાં રકાબી ચોરાઈ જશે તો સવારે ચાહે શામાં પીશું ? (જાય છે)

ધન—ઘેરમા ગોધ્યારૂં થયું ખરૂં, બેઉ માટી બૈધર અકલના તદ્દન પુરાં છે. ચોર આવે તે સઉ-કશામાં પ્યાલાં રકાબી ને સપાટ ચોરી જતો હોશે ? પણ લે એ તો પાછો આયો.

[ધન એક ખુરશી પર બેસે છે. દીનશાહ હાથમાં લાકડાંની ચીર લઇને આવે છે.]

દીનશાહ—ચોર તો કેંઠે મલે નહિ.

ધન—તે તમે ચોરને સોધવા નીકળ્યાછ કે ?

દીનશાહ—(ચમકીને) ઓ બાપરે-એ કોણ ? તું તું-તું-ક-ક-ક-કોણ છે ?

ધન—(મનમાં) બિચારાની જીભ તો ડેરબો રમવા લાગીછ. (મોટે) એ તો જી હું છેઉં. તમે એમ ગભરાઇ ધુજી શાના પરોછ ? બૈરાંઓને જોઇને બીહ જાઓછ ? અરે બર્યારે તમારા સકાર.

દીનશાહ—(મનમાં) અરે એ તો કોઇ બૈરી છે. ત્યારે તો મને વધારે હિંમત આવશે. બૈરાંઓ આગળ તો હું છાતી કાહરીને બહાધર બનુંછ (મોટે) તું કોણ છેરે ?

ધન—જી હું બૈરી છેઉં.

દીનશાહ—તે તો હુંબી જાણુંછ. પણ તારૂં નામ શું.

ધન—જી મારૂં નામ ધન છે. ધન કેવું મીઠું નામ છે હં.

દીનશાહ—ધન હોય ધુર હોય કે ધમાસો હોય તેની સાથે મને શું કામ ? તું અહીં આવી શું કામ તે મને કહેની ?

ધન—જી હું તો ભુલી પરીછ.

દીનશાહ—ભુલી પરીછ રાત પરી છોકરીની જાતને એખલું રખડવાનું કેવું? તું કાંહ જવાની છે જે?

ધન—રતનજી ભીમપોરવાલાને ઘેર જવાની છેઉં. હમણાં હું નાટકમાં એકલી ગયેલી ને તાંહથી પાછી ફરીને ભુલી પરી.

દીનશાહ—ભુલી પરી ને પારકાના ઘેરમાં ઘુશી બી ગઇ. રતનજી ભીમપોરવાલાનું ઘેર તો પડોશમાં આયુંછ.

ધન—ઠેકયું મારૂ ડીયર.

દીનશાહ—ચુપ ડીઅર શાની કરેછ? એકલી અતુલી એક જવાન છોકરી એમ ફરેછ? એમજ પારસી બૈરાંઓએ પીડનો છેરો માથે મુકયોછતો. નાટકમાં રાત પરી એખલી ગઇ. મધરાતના ભુલી પરી ને પારકાના ઘેરમાં વરી ઘુશીબી ગઇ. કંઇ શરમ લાજ મલેજ નહિ.

ધન—ચાલો એઇ કાકા તમે શાની એટલી બધી ટક-ટક કરોછ? શાના મને દમ ભરાવોછ? હું કાંઇ તમારી સાથે પરનેલી નથી કે એમ દમ ભરાવવા નીકળ્યાછ? જો તમે કુમારા હોવ તો તમારી સાથે પણવાને હું તૈયાર છેઉં. પણ તે એક સરતે કે મારી મરજી પડે તેમ નાચું કુદું ફરૂં હરૂં ને મોજ મારૂં-બસ તમારે વચ્ચે જરાબી ચું-કે ચા બોલવું નહિ. આપરે પરણીને બગલમાં હાથ લેઇને ફરવા જશું ત્યારે લાગશુ કેવાં મજાહનાં હં.

દીનશાહ—(મનમાં) અરરર-આયે દુકતી તો તદન નફ્ત મુવેલી છે. (મોટે) આસ્તે બોલ બાપુ આસ્તે બોલ.

ધન—કાંય-કોઇ ઘરમાં શીક છે શું?

દીનશાહ—જો દીવાળીના સગન વેચવા આવીછ તે! સીક-ખીક તો કોઈ નથી.

ધન - ત્યારે મારા ધણીના ઘેરમાં મોટે બોલું તો મને હક છે.

દીનશાહ—પણ ધણી કોણના બાવાનો? તું આસ્તે બોલની પેલી સાંભળશે તો ગોધ્યારૂં કરી મુકશે. નખોડ ગઇ તારૂં ભેજું તો નથી ખશી ગીયું?

ધન—મારૂં ભેજું તો નથી ખસી ગીયું પણ મને જોઇને તમારૂં ભેજું ચકાસી ગીયુંછ. હું તમુને એક ચુમીબી નથી આપવાની!

દીનશાહ—પણ ચુમી માંગેછ કોણ કમબખત? હું તુને કેહુંછ કે આસ્તે બોલ તારે પગે પરૂં આસ્તે બોલ. પેલી સાંભળશે તો મારાં મુછયાં પીખી નાખશે.

ધન—(મનમાં) આએ ચોર પકડવા આયોછ તેના સકાર તો જોવ. (મોટે) તમે એમ કાલાવાલા કરોછ કેની તેથી હું તમારી ઉપર ઘણીજ મોહી પરૂંછ. તમારી એક બેરી છે તે શું થયું! તમે વતલીને મુસલમાન થઇ જાવ કે બે બૈરી પનવાનું બને પછી હું તમારી સાથે પરણુશ પછી હું તમારી બીબી ને તમે મારા મીઆં. કયું મેરે મીયાં કયસી કહી?

દીનશાહ—ચપી જારે-ચપી જા નખોડ ગઇ ચપી જા. આએ પીરા મારા ઘેરમાં કાંહથી આવી? મારે મુસલમાનબી નથી થવું ને વાણ્યોબી નથી થવું. નખોડ ગઈ મારા ઘેરમાં કાંય નકામો તેલખો જગારેછ? કોઇ ઘણીજ વીખરી ગયલી દુકતી છે.

ધન—ત્યારે તમે મને પરણીને દાહી દોહરી બનાવોની? મુંબઇમાં તો જીવતી બૈરી પર બીજી બૈરી નહિ થઇ શકે. ચાલો આપરે નસારી જઇને ત્યાં ગાયકવાડીમાં લગન કર્યે. પછી હું તમારી મડમ ને તમે મારા જાંગલા.

I have got rings on my Fingers.

I

Jim O-Shea was cast away
Upon an Indian Isle
The natives there they liked his hair
They liked his Irish smile
So made him Chief Pan-jan-Drum
The Nabob of them all
They call'd him Jij-ji-boo Jhai
And rigg'd him out so gay
So he wrote to Dublin Bay
To his sweet-heart just to say.

Chorus.

Sure I've got rings on my fingers,
Bells on my toes.
Elephants to ride upon,
My little Irish Rose,
So come to your Nabob,
And and next Patrick's Day,
Be, Mistress Mumboo Jum-bo-Jij-ji-boo O'Shea.

II

Across the sea went Rose Magee
To see her Nabob grand
He sat within his palanquin
And when she'd kissed his hand
He led her to his harem
Where he had wives galore,
She started shedding a tear
Said He " Now have no fear
I'm keeping these wives here
Just for ornaments my Dear.

Chorus Repeat.

III

In Emerald green he robed his queen
To share him his throne
Mid-Eastern Charmer.

દીનશાહ—અરે જા બાપુ મારે લગન વીહા નથી કરવા. એક સાથે પરણીને વરી શું સુખી થયો કે વરી બીજીને ગરે ઓરવું. ખુદાને ખાતર તું તારે ઘેર જા. હું તુને રસ્તો દેખારૂં.

ધન—(મનમાં) તું મને રસ્તો શું દેખારતોતો, હુંજ તુને ચોરયાશીના ચક્કરનો રસ્તો દેખારી દેઉં. પણ માઈ દીયર 'ઓલ્ડ મૅન' હું તમારી સાથે પરણુશ કેની ત્યારે પસંદે કરદમ કહેનાં મારાથી હસઇ હસબ જવારી. ઓ માઇ સ્વીટ હસબંદ.

દીનશાહ—અરે આએ તો ગરે પરવાની વાત થઇ. હવે આય પીરાને ઘેરમાં બહાર કેમ કહારૂં ?

ધન—લાવો તમારા સદરાનો છેડો ને મારી સારીનો છેડો બાંધ્યે ને આપરે અદરઈએ. કેમ શું વિચાર ?

દીનશાહ—વિચાર ? તારૂં ને મારૂં કપાલ ? થોકી થાકીને મને તો માટીજ બનાવવા બેઠીછ. બાપુ જાની કોઇ બીજા સોધી કહાડની.

જર—(અંદરથી) એ તમે શું માથું જીખ્યા કરોછ.

ધન—ઓ-બાપરે ? કોઇ મઘરડો આયો.

દીનશાહ—મઘરડો નથી એ તો મારી બૈરી છે. ઉભી રહે એ હવે આવશે ને સપાટ સપાટે તારી નોકરીજ કરી નાખશે.

ધન—શાબશ ! શું બઇરીની કુમક પર તારી હિંમત વધીછ. ખરો પહેલવાન માટીદો છે. (અંદર જોઇને) નહાસરે મારા બાપ એ તો કોઇ વાંદરી જેવી આવેછ. હું હવે જાઉંછ. આસીરવાદ સારવા સારૂં અંધ્યારૂં નેગી લઇનેજ આવશ, તમે શેશ પાત્રો તૈયાર કરી મુકજો. ટટા-ડીયર-ડારલીંગ-ગુડ-નાઇટ. [ધન દોડી જાય છે.]

દીનશાહ—દુકતી તો બારી કુદાવીને નાથી, જાણે કસરતબાજ ભલો માટીદોબી હડી ગીયો.   [જર દીનશાહની પીઠેથી આવે છે.]

જર—કેમ.

દીનશાહ—ઓ-બાપરે-ખાધીરે !

[જામલો આંખ ચોલતો દોડી આવે છે.]

જામલો—કોણુને ખાધો ? બકરો ખાધો કે પેંડો ખાધો ? થોડો બુક-બાચક મને બી આપજોની.

જર—કોઇ તમને ખાતું બી નથી ને ભખતું બી નથી. એ અહીં ત્યારની વાર થઈ શું હજામત કર્યાં કરોછ ?

જામલો—(મનમાં) શેઠે હજામનો ધંધો શરૂ કીધો કે ? અસ્તરો ને સાબુની પીંછી તો જણાતી બી નથી. શેઠ હજામ બને તો આપરો હજામતનો ખરચ બચે. એમાં આપરા બાપનું ગીયું શું ?

દીનશાહ—અરે જારો મોટો ઢીમરાં જેવો ચોર હતો તેને મારીને ગુણુ રોટલો કરી નાખ્યો ને પકડીને બારી વાટે ફેંકીબી દીધો.

જર—પણ અફાડઝીખ કે માર ફારનો અવાજ તો કંઇ સંભળાયોબી નહિ. તમે ચોરને રૂની પુણીએ માર્યો હોશે.

જામલો—ને નહિ તો પહેલાં ચોરને ગોડરાંએ લપેટીને પછી લાકડીએ ઝપેટ્યો હોશે.

દીનશાહ—મેં તેનું મોહનું દાબી રાખેલું કેની તે તેનાથી બોલ્રી શકાયું નહિ.

જામલો—ને લાકડીના ઝપેટા સમજાયા નહિ તેનું કેમ ? બીલાડી જોઇને બીહનારો માતીદો ચોરને મારવા નીકજ્યો ?

જર—ચાલો જરા જુઠું બોલતા શરમાવો. કોણને છેતરવા ને શીખવવા આયાછ. ચોર આવતો હોશે તે વાહીતરોઝનું એસેનસ છાંતીને આવતો હશે. આય શું આખો ઓરડો બધો પમર-પમર થઇ રહ્યોછ.

દીનશાહ—(મનમાં) બાપરે બૈરાંઓનાબી નાખ છે કે હાથીની સુંઢ છે. એનેજ કેમ પમરાત જણાયો. (મોટે) જેની ડીયર હું એમ કહેતોતો.

જર—એમ બી નહિ કહેતોતો ને તેમબી નહિ કહેતોતો. તમારાં લખનને આગ લગારી. આય રેશમી રૂમાલ કોણનો? આય બૈરાંની શોલ કોણની? મરેરે મરે આય માતીદો આવો નીરલજ છે. ચોર બૈરાંના રૂમાલ વાપરતા હોશે ને બૈરાંની શોલ ઓધીને ફરતા હોશે.

જામલો—ને એમ આવી બૈરાંની છત્રી ઓઢીને ચોર લટકો કરીને ચાલતા ઓહે. (મનમાં) આપરેબી જરા સલગાબ્યેની-જોવાની મજાહ પરશે. એમાં આપરા બાપનું ગીયું શું?

જર—મરેરે છત્રી બી દેખું. મેં તારી ઉપર વીસવાસ મુકયો. મેં તુંને વફાદાર ધાર્યો ને આવાં કરતુક કરેછ? ભત પરી તારી જીંદગી પર, લ્યાનત પરી તારા અવતાર પર. જો જામલા તું સાક્ષી રહેજે આય માતીદો એવી નીરલજ ચાલ ચલાવેછ.

જામલો—શેઠ તમુનેબી શું એ ઘરડે-ઘડપણ સુજ પરેછ? બાલબી હવે પાકા ગીયા જો. તમુને એ રીત હવે નહિ શોભે.

દીનશાહ—મરી રહેની તું કાંય વચમાં દોહવાયછ?

જર—અરે મારો જીવ બધો પાની-પાંની થઇ ગીયો રે, માથામાં બધાં ચક્કર આવી જાયછરે.

દીનશાહ—[પતાવીને] જરા પાની પી કે જીવ ઠરે. ઉભી રહે હું પાણી લઇ આઉં.

જર—હા હવે પાણીમાં કંઇ જહેર દોહવીને પાઇ દે કે કાસર પતી જાય. હવે જોયું કે બૈરીએ બધું જાણ્યું ત્યારે પોહતી કરી મુક.

દીનશાહ—પણ ઘેરમાં કંઇ ઝેર છે કે તું એમ ગરે પરેછ.

જામલો—[દીનશાહના કાનમાં] એક ચાર દોરયાનું સોમલ વેચાતું લઇ આઉં? નહી? ત્યારે પાણીને બદલે ગાસલેટ પાઇ દેઓ.

જર—સહવારના પહોરમાં હું મારે ઘેર જતી રેહુંછ ને તારૂં નામ બારી બોરી મુંકુછ, ને તારાં ઘેરપર આગ લગારૂંછ. મારા ઝીભરાયા ભઇનેબી બોલાવી મંગાઉંછ ને પછી જો તારી કેવી વલે થાયછ તે.

દીનશાહ—પણ તું ધીરજથી સાંભળે તો બધો ખુલાસો કરૂં. તું મારી વાત સાંભળ તો ખરી.

જામલો—એ વાત નહિં સાંભરતી હોય તો મને સંભરાવોની. રાજા પાદશાહની વાત ઘણી સાંભલવા ગમેછ. એ સાંભલવામાં આપરા બાપનુ ગીયું શુ.

જર—બરી ગીયો તારો ખુલાશો ને આગ લાગે તારી વાતપર ચોરી છુપીથી બૈરાંઓની મુલાકાત લેછ? તું જો તો ખરો કોર્ટમાં તારા કેવા વાવતા ઉડારૂંછ તે.

દીનશાહ—અરે પણ કોઇ બૈરીબી નહિ ઉતી ને ઘઘરીબી નહિ ઉતી તે તો ચોરજ ઉતો.

જામલો—તે બૈરાંની છત્રી ઓઢનારો બાયલો ચોર હોસે. બાયલો નહિ હોતે તો તમારે જેવાને હાથનો માર ખાઇ જતેબી.

જર—જામલા તારો પીત્તો નહિ ઉછરી આવતો? મારની એને બે ચાર લાત મુકી કે મારાં કલેજામાં ઠંડક પરે.

જામલો—(દીનશાહના કાનમાં) શેઠ એક પાંચ પંદર મુકી ખાઇ લેશો! બાઇ જરા ઠંડા પરશે. કહેવો તો લંગાઉં?

દીનશાહ—ને હું ઠંડો પરી જવશ તેનું કેમ?

જામલો—તે સેક પોટ કરીને તમુને હુશીઆર કરશું.

[બહારથી બારણું ઠોકાય છે.]

કાવસ—(બહારથી) બારણું ઉઘારો જલદી બારણું ઉંઘારો. એકદમ બારણું ઉંઘારો.

જર—મારો જી ભરાયો ભઇ કાવસ આયો. હવે જો તારા કેવા આસ્યા ઉતારૂંછ તે. જા જામલા ભઇને તેરી લાવ.

જામલો—ને બાઇ ડાકતરનેબી તેરી લાઉં. કાવસજી શેઠ દીન-શાહજી શેઠને મારસે તો પછી મલમપટો કરવા ડાકતર જોઇએ કેની.

જર—તે બધું પછી. તુ જા ને બારણું ઉઘાર.

[જામલો જાય છે.]

દીનશાહ—(મનમાં) હવે આપરી પુરેપુરી કમબખતી જાગી. જર પેટ ભરતી ગાર દેશે ને કાવસ પેટ ભરતી મેડી જીલાવશે.

[કાવસ, ધન અને જામલો આવે છે]

જર—જો ભાઇ કાવસ આય મુજી માતીદો મારી ઉપર જુલમ ગુજારેછ તે.

કાવસ—કાંહ ગીયો-કાંહ ગીયો ! દેખાર મને અતર ઘરી. એનું માથુંજ ભાંગી નાખુ.

દીનશાહ—અહીં છેઉં-બાવા-અહીં મુવેલો છું. લે આએ લાકરાંની ચીરબી છે ને માથુંબી તૈયાર છે. ખોપરી ફોરી નાખ તારા બાપનો માલ છે.

કાવસ—માથું તો છેલ્લાં ભાંજવાનું છેજ તો.

જર—અરે વરી છેલ્લાં શાનું ભાંજવાનું. પહેલાંથીજ ભાગી નાખની કે પીરા પતે.

જામલો—ત્યારે હું હાંદો ભરીને પાણી ને બુતારો લાવી મુંકું કે લોહી પરે તો ધોઇ નાખવા કામ લાગે.

કાવસ—મારે પહેલાં એને થોરા સવાલ પુછવાના છે. બોલરે એઈ દીના મારી આય અદરાયલી ધનની સાથે તારો શું મકદુર કે તું લગનની માંગણી કરે?

દીનશાહ—મેં કાંહ માંગણી કીધી? એજ ઉલતી ગરે પરી ને મારી સાથે પનવા માંગતીતી.

કાવસ—પણ તેં કબુલ કીધું કેની? પાસરાંની ખરાબી કરવા માંગેછ કેની?

દીનશાહ—મેં કબૂલ નહિ કીધેલું. મેં તો ઉલતું ના કહ્યું.

જામલો—[દીનશાહને] તો ભલા આદમી તમે ના કહ્યું તો મને કાંય નહિ બોલાવ્યો? હું પરની જતે હત તમારૂં ભલું થાએ. કામ બગારી નાખ્યું. હજુબી નકી થતું હોય તો સાતું બેસારો. તમુને કાજ કરવાનું પહોંચ્યું આપસ. આવી મજાહની બૈરી મલે તો આપરા બાપનું ગીયું શું?

જર—તમે તો કહેતાતા કે ચોર ઉંતો ને જારો ને ચપરખંપો ઉંતો તે આએ કે? નાખ કાપીને હવે ટોપલા તરે ઢાંકો. પનતાં પનાવતાંને શું કેહું. મને આવો દુવાર માટીદો માથે પર્યો.

ધન—(રૂમાલ આંખે ડાબીને રડતાં રડતાં) મને બાઇ માણસને એખલી જોઇને ચુમી-ચુમી-ચુમી.

દીનશાહ—નહિ–નહિ–નહિ. મેં ચુમી નથી લીધી. મેં તો ઉલતું એને કહ્યું કે બાઇ બહેન તું તારે ઘેર જા.

જામલો—(મનમાં) વરી ઘેર હાની મોકલી આહે. હું છતો ઉતો. બે મોબેદને તેરી ચાર ચોખા નખાવી દેતે, તો મારૂં ગરીબનું કામ થઇ જતે. એમાં આપરા બાપનું ગીયું શું?

દીનશાહ—હું તો એમબી કહેતો’ તો કે બહેન હું તુંને ઘેર જવાનો રસ્તો દેખાડૂં.

જર—હવે ચોરી પકરઇ આવી ત્યારે બેન બાજી કરવા નીકલ્યો? શરમ છે.

કાવસ—આવાં કરતુક કરેછ?
જર—આવી ચાલ ચલાવેછ?
કાવસ—આવી તારી આબરૂ’
જર—આવાં તારાં લખન?
[બેઉ એક એક તરફથી આંચકા મારે છે.]

જામલો—[મનમાં] શેઠના હારકાં પાસરાં છુતાં પરી ગયાં. હવે રેવનચીનો સીરો ને આંબા અરધ લાવવી પડવાની.

દીનશાહ—[ધન આગલ દોડી જઇને] બા બાઈ બહેન–મમઇ બપઇ આ ધનબઇજી શેઠાણી તું કંઇ ખુલાશો કરની. ખરૂં કહી દેની! આય કસઇઓના હાથમાંથી છોરવની.

ધન—હું ખુલાસો કરૂંછ; ઉભાં રહો; જુઓ આય ખુલાસો.

[સાડી, વાગ કાહાડી નાખે છે]

જામલો—અરે’ એતો બૈરીનો માતીદો બની ગયા. રખેને હું માતીદાની બૈરી બની જાઉં.

ધન—હું ધન ધનબાઇજી નહિ પણ ધનજીભાઇ તમારો સેવક પોતે.

કાવસ—સાહેબજી દીનશાહજી શેઠ. સરત હાર્યા કે? લાવો જલદી ટોલી દેઓ પચાસ રૂપ્યા ડાબે હાથે.

દીનશાહ—હેં રૂપ્યા શાના ને સરત શાની?

કાવસ—ભુલી ગીયો કે તુંને કંઇતું કંઇ દેખારવું ને એ દેખારી બીજું સાબેત કરવું એ યાદ છે કે?

દીનશાહ—અરે હા તારૂં ભલું થાયરે સરત જીતવાને સારૂં આય બધું રમખાણ કીધું કે?

જર—અરે મને તો કાંઈ સમજ નથી પરતી. જામલા તુંને કંઇ સમજ પરેછ.

જામલો—કહે જે એ લોક સરત રમ્યા. ધોરા તો કંઇ દોર્યાબી નહિ. કંઈબી થયું પણ ગમત ઘણી પરી ને જરા હસવાના ભાવ પડયા.

દીનશાહ—ગમતબી પરી ને માટી બૈયર કુરઇ મુવાં તે જુદાં.

ધન—મારી કરામતથી મારો ફ્રેન્ડ કાવસ સરત જીત્યો.

જામલો—ને તારી કરામતથી બાપડા દીનશાહજી શેઠનાં હારકાંનો ખુરદો થયો.

જર—એ મરૂંરે મારો ભઇ કેવો ચંચલ છે એવીજ ચંચલાઇ દેખાડતો રહેજે. એમજ સરત જીતતો રહેજે ને જીવતો રહેજે.

ધન—ચાલો હવે મી૦ ને મીસીસ દોસ્તી કરો.

જર—માફ કરજે હં દીનશાહજી. મેં તમુને ઘણું ફાતું ફાતું કહ્યું.

દીનશાહ—હવે માંડી વારની તો જાણે આજેજ પહેલી વાર એમ કહ્યું હોય તેમ ચીબી શાની થાયછ!

ધન—જામલા આય ખુલાશો થયો તેથી તો તું ઘણોજ ખુશી થયો હોશે.

જામલો—અરે શાનો ખુશી થાય ? ઉલતો હું તો દલગીર થયો હું જાણું કે કોઇ છોકરી પનવા આવીછ. તે લાવ હુંજ પરની જાઉં ને ઘેરીતો બારીતો થાઉં. તો નંખાદ ગઇ જોતા જોતામાં છોકરીનો છોકરો થઇ ગીયો ને હું પણુતો રહી ગીયો.

જર—ચાલ ભઇ તું થાકી ગીયો હશે. જરા વીસ્કી સોડા લે. આવોજી ધનજીભાઇ તમેબી જરા લેઓ ને દીનશાહજી તમે ઓદાનીની કાની મોહનું ના જોયા કરો. બાટલી ઉખેરી આપો ને ગલાસ ટમલર ધોઇ આપો.

દીનશાહ—ચાલો મેનીજ કર્યે. મેં માર ખાધા મારાજ પચાસ રૂપ્યા ગીયા મારા ઘેરમાં ગબરદો થયો ને હવે મારેજ વીસ્કી પીવાસે ને હવે મેનીજના મજુરીબી મારેજ કરવાની.

જામલો—લાવ ભઇ હું પનતા અટકી ગીયો તેનો ગમ ભુલાવા એક અરધી બાટલી પીવું.

કાવસ—હવે આપરે ખુશીમાં છૈયે. સઘલાઓ ખુશીમાં છે. તેથી આપરે બોલીશું કે આજનો નેક રોજ મુબારક.

સઘળાં—મુબારક-મુબારક-મુબારક.

સમાપ્ત.